## ડાયરેક્ટ ❤ સે

કોઈને દલિલોથી
જીતવાને બદલે
મૌનથી
પરાજિત કરો
કારણ કે
જે તમારી સાથે હંમેશાં
દલિલ કરવા તત્પર હોય
એ તમારું મૌન
સહન કરી શકશે નહીં

## જન્મદિને વધામણી



કમલનયન બ્રહ્મભટ્ટ
એડવોકેટ
મો. ૯૮૨૫૦ ૫૧૦૮૫



અરના મનસુરી
મો. ૮૭૮૦૨ ૬૬૬૨૪

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# પ્રેરણા વિદ્યાલય ખાતે ક્વિઝ કોમ્પિટિશન



ગાંધીનગર, તા. ૧૯

સૅક્ટર-૫ એ ખાતે કાર્યરત પ્રેરણા વિદ્યાલયમાં ક્વિઝ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કુલ ૧૮ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

સ્પર્ધકોને ત્રણ ટીમમાં વહેંચવામાં આવ્યા હતા, દરેક ટીમમાં ધોરણ-૫,૬,૭ના બબ્બે વિદ્યાર્થીઓ મળીને કુલ છ વિદ્યાર્થીઓને સમાવવામાં આવ્યા હતા. આ ટીમને ટીમ એ, બી અને સી નામ આપવામાં આવ્યાં હતાં.

વિદ્યાર્થીઓનું સામાન્ય જ્ઞાન વધારવાના પ્રયાસરૂપ આ સ્પર્ધામાં ચાર રાઉન્ડ રાખવામાં આવ્યા હતા અને ઈતિહાસ, ભૂગોળ, લોકતંત્ર અને વિજ્ઞાન વિષયના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્યની જરૂરી એવી જાણકારીના પ્રશ્નો આ સ્પર્ધામાં આવરી લેવાયા હતા. દરેક પ્રશ્નનો જવાબ આપવા માટે સ્પર્ધકોને ૧ મિનીટનો સમય આપવામાં આવ્યો હતો.

સ્પર્ધાના અંતે નિર્ણાયક રાહુલભાઈ ચૌહાણ અને સરસ્વતીબેન બારોટે નિર્ણય જાહેર કરતાં ટીમ બી વિજેતા બની હતી. વિજેતા ટીમને ઈનામ એનાયત કરવામાં આવ્યું હતું.

આચાર્ય મહેશભાઈ પટેલે આજના સ્પર્ધાત્મક યુગના સંદર્ભમાં જનરલ નૉલેજનું મહત્ત્વ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. આ અસરકારક કાર્યક્રમની રૂપરેખા શિક્ષક આશાબેન દેસાઈ દ્વારા તૈયાર કરવામાં આવી હતી અને કાર્યક્રમનું સંચાલન પણ તેમના દ્વારા જ કરાયું હતું.

# શિક્ષણ બૉર્ડની પરીક્ષા પહેલાં બૉર્ડ વિદ્યાર્થીઓને સંબોધશે

ગાંધીનગર, તા. ૧૯

શિક્ષણ બોર્ડની પરીક્ષા પહેલા બોર્ડ દ્વારા મહાનુભવોના પ્રેરક વકતવ્યોનું આયોજન કર્યુ છે. બાયસેગના માધ્યમથી વંદે ગુજરાત ચેનલ-૧૦ અને ૧૨ પરથી આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને આચાર્યોને બતાવવામાં આવશે. જેનો પ્રારંભ ૧૯ ફેબ્રુઆરીના રોજથી કરવામાં આવશે. બપોરના ૧૧થી ૧૨ વાગ્યા દરમિયાન આ કાર્યક્રમ યોજાશે અને તેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ જોડાય તે માટે બોર્ડ દ્વારા સ્કૂલોને સુચના આપવામાં આવી છે. ૧૯ ફેબ્રુઆરીના રોજ પ્રથમ વકતવ્ય યોજાશે. એ પછી ૨૨ ફેબ્રુઆરી, ૨૪ ફેબ્રુઆરી, ૨૬ ફેબ્રુઆરી, ૩ માર્ચ અને ૭ માર્ચના રોજ મહાનુભવો પોતાનું પ્રેરક વકતવ્ય આપશે. આ કાર્યક્રમ નિહાળવા માટે સ્કૂલોને સુચના આપવા ઉપરાંત કાર્યક્રમ પૂર્ણ થયા બાદ સ્કૂલના કેટલા વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને આચાર્યોએ લાભ લીધો તે અંગેની વિગતો બોર્ડને મોકલી આપવાની રહેશે.

## ગ્રાન્ટેડ માધ્યમિક સ્કૂલોમાં ભરતી ચાલુ કરવાનો સરકારનો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૯

રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક સ્કૂલોમાં સ્થગિત થયેલી ભરતી પ્રક્રિયા ફરીથી ચાલુ કરવાનો નિર્ણય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. આગઉ ચાર રાઉન્ડની કાર્યવાહીના અંતે ચાર હજાર જેટલા શિક્ષકોની નિમણુંકો કરાઈ હતી. પરંતુ ત્યાર બાદ આ પ્રક્રિયા સ્થગિત કરી દેવાઈ હતી. જોકે, હવે સરકારે પાંચમો રાઉન્ડ શરૂ કરવાનો નિર્ણય લીધો છે. જેથી હવે ટૂંક સમયમાં આ રાઉન્ડ શરૂ કરાશે. રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આશરે ૬૧૫૦૦ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓને સાતમા પગારપંચની ભલામણો અન્વયે પગાર સુધારણાનો લાભ આપવામાં આવ્યો છે. રાજ્યના માધ્યમિક શિક્ષણને મજબૂત કરવા માટે રાજ્ય સરકારે રાજ્યના અનુદાનથી ચાલતી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના માધ્યમથી એક સુદ્રઢ વ્યવસ્થા ગોઠવી છે. આ વ્યવસ્થાના ભાગરૂપે આ શાળાઓમાં શિક્ષકોની ખાલી રહેલી જગ્યાઓ ભરવા માટે વર્ષ ૨૦૧૬થી સઘન ભરતી પ્રક્રિયા ચાલુ કરી છે અને તેના ફળસ્વરૂપે ચાર તબક્કાના અંતે જુદા જુદા વિષયોના આશરે ચાર હજાર જેટલાં શિક્ષકોની ભરતી પણ કરી છે. તાજેતરમાં સાતમાં પગારપંચની અમલવારીના કારણે કેટલાંક વહીવટી પ્રશ્નોના કારણે તે સમયે ચાલતી રાજ્યમાં નોંધાયેલી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોની ભરતી પ્રક્રિયા સ્થગિત હતી.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# એસ વી - એસ જી અંગ્રેજી સ્કૂલ દ્વારા પૌષ્ટિક આહાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ વી અને એસ જી અંગ્રેજી માધ્યમ પ્રાથમિક સ્કૂલ ખાતે ધોરણ-૧થી ૪ના વિદ્યાર્થીઓ માટે પૌષ્ટિક આહાર વિશેના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ પૌષ્ટિક આહારથી પરિચિત થાય તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત દરેક વર્ગમાં શિક્ષકો દ્વારા પૌષ્ટિક આહાર અંગેનું જ્ઞાન પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન અને વક્તવ્ય દ્વારા આપવામાં આવ્યું હતું. બાળકો દ્વારા પૂછાયેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ શિક્ષકો દ્વારા પાઠવવામાં આવ્યા હતા.

# આર જી - એસ બી પટેલ સ્કૂલમાં વાલી મિટિંગનું આયોજન કરાયું

## મીટિંગનો મુખ્ય વિષય વ્યસનમુક્તિ અને આગામી બૉર્ડની પરીક્ષાનો રહ્યો

ગાંધીનગર, તા. ૧૯

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ ગર્લ્સ સૅકન્ડરી સ્કૂલ અને શ્રીમતી એસ બી પટેલ ગર્લ્સ હાયર સૅકન્ડરી સ્કૂલ ખાતે ઍમટીએ/પીટીએ અંતર્ગત વાલી મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં માધ્યમિક કક્ષા તથા ઉચ્ચતર માધ્યમિક કક્ષા (સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ)ના ૫૦ જેટલા વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન રમણભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ મીટિંગનો મુખ્ય વિષય વ્યસનમુક્તિ અને આગામી બૉર્ડની પરીક્ષાનો રહ્યો હતો. આચાર્યએ બાળકોમાં વ્યસન ન થાય તે બાબતે અસરકારક રજૂઆત કરી હતી.

શૈલેષભાઈ પટેલે પરીક્ષા અંગે અને તમાકુના વ્યસનથી થતા રોગો અંગે પ્રેઝન્ટેશન રજૂ કર્યુ હતું. ગીતેશભાઈ પટેલે પણ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. વાલીઓ દ્વારા આગામી બૉર્ડની પરીક્ષા બાબતે વિશદ ચર્ચા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ પરીક્ષાના હાઉથી દૂર રહી સામાન્ય સ્થિતિમાં પરીક્ષા આપી શકે તે માટે વિવિધ મંતવ્યો વાલીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે નારણભાઈ બારોટ, રમણભાઈ પટેલ અને શૈલેષભાઈ પટેલે સક્રિય ફાળો આપ્યો હતો. અંતે, આભાર દર્શન હંસાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# લોહાણા યુવા સંગઠન દ્વારા 'મંચ એક, રંગ અનેક' કાર્યક્રમ





ગાંધીનગર, તા. ૧૯

લોહાણા યુવા સંગઠન, ગાંધીનગર દ્વારા સંસ્થાના ભૂતપૂર્વ પ્રમુખશ્રીઓના ઋણ સ્વીકારનો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ "મંચ એક રંગ અનેક" કાર્યક્રમ તા. ૧૩-૦૨-૨૦૧૮, મંગળવારના રોજ ટાઉનહોલ, ગાંધીનગર ખાતે યોજાઈ ગયો. આ પ્રસંગે લોહાણા યુવા સંગઠનના ભૂતપૂર્વ પ્રમુખોનું ગૌરવભેર સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત ભૂતપૂર્વ પ્રમુખોએ સંસ્થા સાથેની ગૌરવવંતી પળોને યાદ કરેલ. ત્યાર બાદ સમાજના બંધુઓ દ્વારા તૈયાર કરાયેલ અનેક સાંસ્કૃતિક કૃતિઓને રજૂ કરવામાં આવી હતી. સંસ્થાના હોદેદારો તેમજ તાલીમ પ્રશિક્ષકની લોહાણા યુવા સંગઠન - ગાંધીનગર દ્વારા ટાઉનહોલ ખાતે કાર્યક્રમ યોજાયો કઠીન મહેનતના અંતે સર્જન પામેલ આ તમામ કૃતિઓને ઉપસ્થિત સૌએ વખાણી હતી. ભાગ લેનાર તમામને સૌજન્ય ભેટ આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં સમાજના મહાનુભાવોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમને બિરદાવ્યો હતો અને કાર્યક્રમની સફળતા માટે પોતાની શુભેચ્છા પાછવી હતી.

બંને કાર્યક્રમોને સફળ બનાવવા લોહાણા યુવા સંગઠનના હોદેદારો - કાર્યકરો, શ્રી જલારામ સેવા સમાજ, જલારામ મહિલા મંડળ, જલારામ મંદિર સ્ટાફ, આર્થિક સહયોગ પૂરો પાડનાર દાતાશ્રીઓ, સાંસ્કૃતિક કાર્યક્રમ માટે સમયદાન આપનાર તજજ્ઞો સહિત અનેક લોકોએ પોતાનું અમૂલું યોગદાન આપ્યું હતું.

# સ્કેટની નેશનલ ચેમ્પિયનશીપમાં ગાંધીનગરની દિયા શાહ ઝળકી




પુના ખાતે તાજેતરમાં આયોજિત સ્કેટ નેશનલ ચેમ્પિયનશીપના અન્ડર-૧૪ વિભાગમાં ફ્રી સ્ટાઈલમાં ગાંધીનગરની દિયા શાહે પ્રથમ ક્રમાંકનું વિજેતાપદ મેળવ્યું હતું. અભિરાજસિંહ ઝાલા (મૅગી) અને વિજય પંડ્યા દ્વારા દિયા માટે કોરિયોગ્રાફી કરવામાં આવી હતી અને તેના કોચ તરીકે ભાર્ગવ આયર અને હર્ષ શાહે પોતાની સેવાઓ આપી હતી.

# ભીડથી જે લોકો અલગ ચાલ્યા એમણે દુનિયાને વધુ બહેતર બનાવી



આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

પરિવર્તન માટે હૃદયમાંથી અવાજ આવતો હોય છે. પરિવર્તન માટે એક નાનકડું પગલું મોટું કામ કરી જતું હોય છે. આસપાસ બનતી અસંખ્ય ઘટનાઓમાંથી એકાદ ઘટના જીવનમાં નવા દ્વાર ખોલી નાખતી હોય છે. ભારતના દક્ષિણ ખૂણે તામિલનાડુના નનકડા ટાઉનમાં એક ૧૭ વર્ષનો લબરમુછીયો જવાન રહે. આકાશ મનોજ એનું નામ. એણે આસપાસ હાર્ટએટેક આવતાં ભયંકર પીડા ભોગવી ગુજરી ગયેલા બે-ત્રણ કિસ્સા જોયા. અગિયારમાં ધોરણમાં ભણતો આકાશ વ્યથિત થઈ ગયો. મનોમન એણે વિચાર્યું કે હાર્ટ-એટેક આવે એના થોડા સમય પહેલા એનો અંદાજ આવે તો ઝડપથી ઉપચાર શરૂ થઈ શકે. વ્યક્તિનો જીવ પણ બચી જાય. નાનકડા આકાશે મોટો વિચાર અમલમાં મુકવા સંશોધન કાર્ય શરૂ કર્યું. એણે સાઈલન્ટ હાર્ટએટેક ડિટેક્ટ કરતું એક સ્કીન પેસ ડિવાઈસ તૈયાર કર્યું. એના આ નવતર ડિવાઈસને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી જીવન બચાવતી અમૂલ્ય શોધ તરીકે નવાજવામાં આવી. ભારતના મહામહીમ રાષ્ટ્રપતિજીએ ગયા વર્ષે આકાશને નવી દિલ્હી રાષ્ટ્રપતિ ભવનમાં બે સપ્તાહ રહેવા માટે બોલાવ્યો. આકાશનુ આ ડિવાઈસ માર્કેટમાં ઉપલબ્ધ પણ થશે.



ભીડથી અલગ હટીને ચાલનાર સમાજને અને દુનિયાને નવો માર્ગ બતાવી શકે છે. ૧૭ વર્ષનો અશોક રોજ-બરોજની ઘટમાળની વણઝારમાંથી જરા હટકે ચાલ્યો. સમાજ માટે એક નવી વાત લઈને ઉભરી આવ્યો.

આપણે મનમાં પીડા અનુભવીએ, હૃદયમાં ક્યારેક ચચરાટનો અનુભવ કરીએ છીએ પણ આ પીડા અને ચચરાટ ભવિષ્યમાં નવા પરિવર્તનો સાથે સરસ રીતે ઊગી નીકળે છે. સહન કરેલું કષ્ટ ક્યારેય એળે જતું નથી. કંઈક અલગ વિચારવાવાળો આગળ નીકળતો હોય છે.

લંડનની કોલેજ ઓફ આર્ટ એન્ડ ઈમ્પિરિયલ ડિઝાઈન ઈનોવેશનની દાદુ કૉલેજ ગણાય. આ કૉલેજમાં માલવ સંઘવી નામનો એક યુવાન અભ્યાસ કરે. માલવે એના કોલેજમાં આપવામાં આવતા પ્રોજેક્ટ માટે આઉટ ઓફ બોક્સ સંશોધન કરવાનું વિચાર્યું. ગરીબોના જીવનને નજીકથી જોનારા માલવે નજીવી કિંમતમાં કાર્ડ બોર્ડ ઈનક્યુબેટર બનાવવાનુ કામ હાથ ઉપર લીધું. અને એ સફળ પણ થયો. માલવના સસ્તા ઈંક્યુબેટર આ વર્ષે વિશ્વના બજારમાં આવશે. ગરીબ પરીવારના લાખો પરિવારો માટે આ વાત આશીર્વાદરૂપ બની જશે. યુવાન માલવ આ સસ્તા કાર્ડ બોર્ડ ઈન્ક્યુબેટર ગરીબ દેશો સુધી પહોંચાડવા માગે છે. જે આસપાસના દુઃખ અને સમસ્યાઓને નજીકથી જુએ છે એ જ એના પાયામાં જઈ તેનું સમાધાન શોધી શકે છે.

ડો. એ. પી. જે. અબ્દુલ કલામ આઉટ ઓફ બોક્સ થીંકીંગ વિશે કહેતા કે, વરસાદની મોસમમાં બધા પંખીઓ છતની નીચે આશરો શોધવા ફાંફાં મારતા હોય છે. ગીધ પાણી વરસાવતા વાદળોની ઉપર ઊડે છે. વરસાદ વરસાવતા સ્ત્રોતની પણ ઉપર ગીધ પહોંચે છે. જે ઘટના બધા માટે એક સરખી પીડાદાયક હોય ત્યારે તેમાંથી નવો માર્ગ શોધવા જુદુ જ વિચારવાની આવશ્યકતા હોય છે. તત્વચિંતક મિલિયોનિયર જોન ડી. રોકફેલરે એના અનુભવને વર્ણવતા કહેતા કે, મેં હંમેશા મુસીબતોને અવસરમાં પલટાવી છે.

બદલાવ અનિવાર્યતાની પીઠ ઉપર સવારી કરીને નથી આવતો. પરિવર્તન નિરંતર સંઘર્ષથી આવે છે. કોઈ વ્યક્તિ કે સમયની રાહ જોવાથી બદલાવ નથી આવતો. આપણે જ એ વ્યક્તિ છીએ કે જે પરિવર્તનનો પ્રાણ છે. આપણે જ બદલાવ લાવવા ટોળાની ચાલથી અલગ હટીને આગવી ચાલ ચાલવાની છે.

ચેન્નાઈના આર. પ્રધાનંદ એના મિત્રો મોજ કરતા ત્યારે એ સખત પ્રેક્ટીસ કરતો. લોકોના પ્રવાહમાં ન વહેતા અલગ રીતે મહેનતથી પ્રધાનંદે ૨૦૧૩માં 'અંડર એઈટ બોયઝ વર્લ્ડ યુથ ચેમ્પિયનશીપ' જીતી લીધી હતી. ૨૦૧૫માં અંડર-૧૫ પણ એ જીતી ગયો. પ્રધાનંદ વિશ્વનો સૌથી નાનો ઈન્ટરનેશનલ માસ્ટર છે. કદાચ એ દુનિયાનો સૌથી નાનો ગ્રાન્ડ માસ્ટર પણ ભવિષ્યમાં બની જાય તો નવાઈ નહીં. પ્રધાનંદ જેવા લોકો આઉટ ઓફ બોક્સ જઈ પરિવર્તન સર્જનારા મહારથી હોય છે.

જ્યારે આપણે બદલાવ લાવવા ભીડથી અલગ નથી ચાલતા ત્યારે આપણે વિકાસ નથી પામતા. જો આપણે વિકસી નથી શકતા તો આપણે જીવતા નથી. જ્યારે બાળકોને બદલવા માટે કોશિષ કરીએ તે પહેલા આત્મચિંતન કરી વિચારવું પડે કે, આપણે આપણા માટે શું પરિવર્તન કરવાની જરૂર છે. દુનિયામાં સેંકડો અજાણ્યા નામો એવા છે કે, જેમણે અલગ રીતે વિચારીને પરિવર્તનની નવી દિશા ખોલી છે. ભીડને ચીરીને શાનથી જે લોકો બહાર આવ્યા છે એમણે દુનિયાને વધુ બહેતર બનાવવા નવું સંશોધન કર્યું છે. સૌથી વધુ બુદ્ધિશાળી અને મૂર્ખ વ્યક્તિ ક્યારેય બદલાવ નથી લાવી શકતા. પહેલા પહેલા દુનિયા પરિવર્તનથી હંમેશા નફરત કરે છે, પણ પરિવર્તન એક માત્ર એવી બાબત છે જેનાથી દુનિયાનો વિકાસ થયો છે.

**ધબકાર**

પ્રગતિ સારો શબ્દ છે પણ પરિવર્તન એનું પ્રેરકબળ છે.